(101) આપેલા વિધાનો માટે સાચો વિકલ્પ શોધો.

વિધાન-1 : એક ચલિત કે અચલિત જન્યુઓ વચ્ચેના જીવરસના જોડાનને જીવરસ સંયુગ્મન કહે છે.

વિધાન-2: ફલિતાંડમાં અર્ધીકરન ક્રિયા થવાને પરિણામે દ્વિકીય બીજાણુઓ ઉત્પન્ન થાય છે ?

(A) વિધાન-1 સાચું છે, વિધાન-2 ખોટું છે.

(B) વિધાન-1 ખોટું છે, વિધાન-2 સાચું છે.

(C) વિધાન-1 અને વિધાન-2 બંને સાચા છે.

(C) વિધાન-1 અને વિધાન-2 બંને ખોટાં છે.

(102) લીલના ફીઓફાયસી વર્ગમાં આવેલ મુખ્ય રંજકદ્રવ્યો દર્શાવતું સાચુ જૂથ જણાવો.

(A) ક્લોરોફીલ a, ક્લોરોફીલ c, ફ્યુકોઝેન્થીન

(B) ક્લોરોફીલ a, ક્લોરોફીલ b, ફાયકોઈરીથ્રિન

(C) ક્લોરોફીલ a, ક્લોરોફીલ d, ફ્યુકોઝેન્થીન

(D) ક્લોરોફીલ c, ક્લોરોફીલ d, ફાયકોઈરીથ્રિન

(103) કોલમ-I અને કોલમ-II માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | કોલમ-I | | કોલમ-II |
|---|---|---|---|
| (P) | ડંખકોષો | (i) | મૃદુકાય |
| (Q) | રેત્રિકા | (ii) | પૃથુકૃમિ |
| (R) | કોલરકોષો | (iii) | કોષ્ઠાંત્રિ |
| (S) | જ્યોતિકોષો | (iv) | સછિદ્ર |

(A) (P-iii), (Q-iv), (R-i), (S-ii)

(B) (P-iv), (Q-i), (R-ii), (S-iii)

(C) (P-iii), (Q-i), (R-iv), (S-ii)

(C) (P-ii), (Q-iv), (R-i), (S-iii)

(104) પૃષ્ઠવંશી ઉપસમૂદાયોનાં પ્રાણીઓના લક્ષણોને ધ્યાનમાં રાખી યોગ્ય વિકલ્પ પસંદ કરો. (સાચા વિધાન શોધો)

(a) મધ્યવક્ષ ભાગે પોલુ અને એકવડુ ચેતારજ્જૂ હાજર

(b) બંધ પ્રકારના રૂધિરાભિસરનતંત્રની હાજરી

(c) ગર્ભકાળ દરમ્યાન મેરૂદંડ ધરાવે છે.

(d) પૃષ્ઠભાગે હૃદયની હાજરી

(e) ત્રિર્ભસ્તરીય, દેહકોષ્ઠીય પ્રાણીઓ


(A) ફક્ત (b), (c) અને (f)

(B) ફક્ત (c), (d) અને (f)

(C) ફક્ત (a), (c) અને (d)

(D) ફક્ત (b), (d) અને (f)

(105) આપેલા ચાર્ટમાં "X", "Y" અને "Z" માટે સાચા નામ શોધો.




(A) X: આકડો, Y: રાઈ, Z = જામફળ (B) X: જાસૂદ, Y: સપ્તપર્ણી, Z = આકડો

(C) X: આકડો, Y: સૂર્યમુખી, Z = સપ્તપર્ણી (D) X: રાઈ, Y: જામફળ, Z = સપ્તપર્ણી

(106) પ્રોટિયોલાઈટિક ઉત્સેચક કાર્બોક્સિપેપ્ટિડેઝ સાથે કયો ઘટક સહકારક સ્વરૂપે જોડાયેલ હોય છે ?

(A) કોપર (Cu) (B) આયર્ન (Fe) (C) ઝિંક (Zn) (D) નિકલ (Ni)

(107) જૈવ અણુઓ અને તેની લાક્ષણિકતાના સંદર્ભમાં આપેલ વિકલ્પો પૈકી કઈ જોડ સાચી છે ?

(A) લેસીથિન → કોષરસસ્તરમાં જોવા મળતો ફોસ્ફોલિપિડ છે.

(B) સેરિન → આ એમિનોએસિડના બંધારણમાં R – ક્રિયાશીલ સમૂહના સ્થાને મિથાઇલ સમૂહ જોડાયેલ હોય છે.

(C) યુરિડિલિક એસિડ → જે એક પ્રકારનો ન્યુક્લિઓસાઇડ છે જે DNAનાં બંધારણમાં હોય છે.

(D) પામિટિકએસિડ → કાર્બોક્સિલ સમૂહ સાથે 20 કાર્બન પરમાણુ હોય છે.

(108) મનુષ્યમાં સરેરાશ કોષચક્રનો સમયગાળો 24 કલાકનો હોય છે, જેમાં કોષવિભાજન માત્ર કેટલા સમયમાં પૂર્ણ થાય છે ?

(A) 90 મિનિટ (B) 20 મિનિટ (C) 01 મિનિટ (D) 60 મિનિટ

(109) વિધાન "P" અને વિધાન "Q" માટે નીચેનામાંથી કયો વિકલ્પ યોગ્ય છે ?

વિધાન: P અર્ધીકરણ દરમિયાન DNAનું સ્વયંમજનન એક જ વખત થાય છે.

વિધાન: Q ઇ ન્ટરકાઇનેસિસ દરમિયાન DNAનું સ્વયંમજનન થતું નથી.

(A) વિધાન: P અને Q બંને સાચા છે. (B) વિધાન: P સાચુ છે અને વિધાન: Q ખોટુ છે.

(C) વિધાન: P ખોટુ છે અને વિધાન: Q સાચુ છે. (D) વિધાન: P અને Q બંને ખોટા છે.

(110) પ્રકાશશ્વસનમાં ઉપયોગી રુબિસ્કો (RuBisCO) માટે આપેલા વિધાનોમાંથી સાચા વિધાન શોધો.

(i) RuBisCO ને $CO_2$ કરતાં $O_2$ પ્રત્યે વધુ આકર્ષણ હોય છે.

(ii) રુબિસ્કો ઉત્સેચક વિશ્વમાં સૌથી વિપુલ માત્રામાં મળતો ઉત્સેચક છે.

(iii) $C_4$ વનસ્પતિમાં રુબિસ્કો પુલકચુકીયકોષોમાં કાર્બોક્સિલેઝ તરીકે કાર્ય કરે છે.

(A) ફક્ત (i) સાચુ છે. (B) (ii) અને (iii) સાચા છે.

(C) ફક્ત (iii) સાચુ છે. (D) (i) અને (ii) સાચા છે.

(111) અચક્રિય ફોટોફોસ્ફોરાયલેશન દરમ્યાન પાણીનું વિભાજન (Splitting of water) માટેનું સાચુ જૈવરાસાયણિક સમીકરણ કયુ છે ?

(A) $4H_2O \rightarrow 4H^+ + O_2 + 4e^-$

(B) $H_2O \rightarrow 4H^+ + O_2 + 4e^-$

(C) $2H_2O \rightarrow 4H^+ + O_2 + 4e^-$

(D) $2H_2O \rightarrow 2H^+ + 2O_2 + 2e^-$

(112) ઇથેફોન X તેમજ Y જેવા ફળોમાં પરિપક્વતાનો વેગ વધારે છે ?

(A) X :-સંતરા Y : ઘઊં

(B) X : બટાટા Y : રીંગણા

(C) X: કેરી Y : નાળિયેર

(D) X : ટામેટા Y : સફરજન

(113) શ્વસનનું કદ (ml)ને અધારે ચઢતા ક્રમમાં ગોઠવો. (સરેરાશ કદ ધ્યાનમાં લેવું) (વધારે માટે ">" નિશાની છે.)

(i) ટાઇડલ વોલ્યુમ (TV)

(ii) ઈન્સપાયરેટરી રિઝર્વ વોલ્યુમ (IRV)

(iii) એક્સપાયરેટરી રિઝર્વ વોલ્યુમ (ERV)

(iv) રેસિડ્યુઅલ વોલ્યુમ (RV)

(A) ERV > TV > IRV > RV

(B) TV > IRV > ERV > RV

(C) IRV > RV > TV > ERV

(D) TV > IRV > RV > ERV

(114) વાયુઓની આપ-લે (વિનિમય) દરમ્યાન વાયુકોષ્ઠના સ્થાને ઓક્સિજન ($O_2$) અને કાર્બનડાયોક્સાઇડ ($CO_2$) નું આંશિક દબાણ કેટલું હોય છે ?

(A) $pO_2 = 104$ mmHg અને $pCO_2 = 40$ mmHg

(B) $pO_2 = 40$ mmHg અને $pCO_2 = 45$ mmHg

(C) $pO_2 = 95$ mmHg અને $pCO_2 = 40$ mmHg

(D) $pO_2 = 159$ mmHg અને $pCO_2 = 0.3$ mmHg

(115) હૃદયની ક્રિયાઓનું નિયમન શેના દ્વારા નિયંત્રિત થાય છે ?

(P) વિશિષ્ટ સ્નાયુઓ (ગાંઠપેશી)

(Q) એડ્રિનલ બાહ્યકના અંતઃસ્રાવો

(R) એડ્રિનલ મજ્જકના અંતઃ સ્રાવો

(S) લંબમજ્જામાં આવેલા ખાસ ચેતાકેન્દ્રો

આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર પસંદ કરો.

(A) ફક્ત (P), (Q) અને (R)

(B) ફક્ત (P), (R) અને (S)

(C) ફક્ત (Q), (R) અને (S)

(D) ફક્ત (P), (Q) અને (S)

(116) ઇશિતાબેનના હૃદયના ધબકારા પ્રતિ મિનિટે 72 છે અને સ્પંદન કદ (સ્ટ્રોક વોલ્યુમ) પ્રત્યેક હૃદચક્ર દરમ્યાન 60 ml છે તો તેણીની હૃદકાર્યક્ષમતા કેટલી છે ?

(A) 5000 ml

(B) 7200 ml

(C) 4320 ml

(D) 6320 ml

(117) મૂત્રનિર્માણને ધ્યાનમાં લઈ નીચેના વાક્યો વાંચો અને ઉત્સર્ગએકમની રચનાને ઓળખો.

(i) તેની અવરોહીભુજા પાણી માટે પ્રવેશશીલ છે, પરંતુ ઇલેક્ટ્રોલાઇટ્સ માટે મોટાભાગે અપ્રવેશશીલ છે.

(ii) તે આંતરાલીય પ્રવાહીમાં ઉચ્ચ આસૃતિસાંદ્રતા જાળવવામાં અગત્યનો ભાગ ભજવે છે.

(ii) તેની આરોહીભુજા પાણી માટે અપ્રવેશશીલ છે, પરંતુ ઇલેક્ટ્રોલાઇટ્સ વહન થવા દે છે.

(A) નિકટવર્તી ગૂંચળામય નલિકા (PTC) (B) દૂરસ્થ ગૂંચળામય નલિકા (DTC)

(C) માલ્પિધિયન કાય (D) હેન્લેનો પાશ

(118) નીચે આપેલ કઈ જોડ યોગ્ય (સાચી) રીતે જોડાયેલી છે ?

(A) કાસ્થિમય સાંધો – ખોપરીના અસ્થિઓ (B) સરકતો સાંધો – મણિબંધાસ્થિઓ વચ્ચે

(C) મિજાગરાનો સાંધો – કશેરુકા વચ્ચે (D) તંતુમય સાંધો – અંગુલ્યાસ્થિઓ

(119) ________ પરોપજીવી સ્વરૂપ ઊંઘવાની બીમારી (Sleeping Sickness) જેવા રોગો ઉત્પન્ન કરે છે.

(A) પેરામિશિયમ (B) ટ્રાઇપેનોસોમા (C) પ્લાઝમોડિયમ (D) ગોનિયાલેક્સ

(120) ''વાઇરસને સ્ફટિકમય બનાવી શકાય છે અને આ સ્ફટિકો મુખ્યતઃ પ્રોટિન ધરાવે છે.'' આ મંતવ્ય આપનાર વૈજ્ઞાનિક કોણ છે ?

(A) પાશ્વર (B) ડબલ્યુ. એમ. સ્ટેનલી

(C) એમ. ડબલ્યુ. બેઈજેરિક (D) એફ. વી. બેઈજેરિક

(121) ધારો કે કોઈ જીવશાસ્ત્રી રંગસૂત્રોની સંખ્યા, રચના અને વર્તણૂક જેવી માહિતીના ઉપયોગ દ્વારા વર્ગીકરણ કરે છે તો વર્ગીકરણની કઈ પદ્ધતિનો ઉપયોગ કરશે ?

(A) રસાયણ વર્ગીકરણવિદ્યા (B) સંખ્યાકીય વર્ગીકરણવિદ્યા

(C) કોષ વર્ગીકરણવિદ્યા (D) જાતિ વિકાસકીય વર્ગીકરણવિદ્યા

(122) અસંગત વિકલ્પ પસંદ કરો. (ખોટો)

(A) કવકમૂળ – પાઇનસ

(B) લાયકોપ્સીડા – સેલાજીનેલા

(C) પ્રસુકાય – બહુકોષીય, મુક્તજીવી અને પ્રકાશસંશ્લેષી

(D) સમબીજાણુક – સાલ્વિનીયા

(123) યોગ્ય જોડકા જોડો.

| | કોલમ - I | | કોલમ - II |
|---|---|---|---|
| i | કૂટદેહ કોષ્ઠ | W | શૂળત્વચી |
| ii | સાગરગોટા | X | મગર |
| iii | સ્ટોમોકોર્ડ | Y | સામીમેરૂદંડી |
| iv | ચતુષ્કોટરીય હૃદય | Z | સૂત્રકૃમિ |

(A) (i – Z), (ii – W), (iii – Y), (iv – X) (B) (i – W), (ii – Z), (iii – Y), (iv – X)

(C) (i – X), (ii – W), (iii – Z), (iv – Y) (D) (i – Z), (ii – Y), (iii – W), (iv – X)

(124) "કાસ્થિમત્સ્ય" અંગે સાચો વિકલ્પ પસંદ કરો.

(A) હનુધારી, પ્લેકોઇડભીંગડા હાજર, વાતાશય હાજર

(B) હનુધારી, સાયક્લોઈડ ભીંગડા, શીતરુધિરવાળા

(C) પ્લેકોઈડ ભીંગડા હાજર, ઝાલર ઢાંકણ ગેરહાજર, અસમતાપી પ્રાણીઓ

(D) વાતાશય હાજર, સાયક્લોઈડ ભીંગડા અંડપ્રસવી પ્રાણી

(125) યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) નિયમિત પુષ્પ – મરચાં, રાઇ, ધતુરો

(B) અનિયમિત પુષ્પ – મરચાં, રાઇ, ધતુરો

(C) અનિયમિત પુષ્પ – વટાણાં વાલ, મરચાં

(D) નિયમિત પુષ્પ – વટાણાં, વાલ, ગુલમહોર

(126) દેડકાની પાચનક્રિયામાં "પિત્ત અને સ્વાદુરસ" નું કાર્ય પસંદ કરો.

(A) પિત્ત – કાર્બોદિતનું પાચન સ્વાદુરસ – ચરબીનું પાચન

(B) પિત્ત – ચરબીનું તૈલોદીકરણ, સ્વાદુરસ – કાર્બોદિતનું અને પ્રોટીનનું પાચન

(C) પિત્ત – આમપાકનું નિર્માણ સ્વાદુરસ – કાર્બોદિત, પ્રોટીનનું પાચન

(D) પિત્ત – કાર્બોદિતનું પાચન – સ્વાદુરસ – પ્રોટીનનું પાચન

(127) "સબમેટાસેન્ટ્રિક" રંગસૂત્રમાં સેન્ટ્રોમિયરની ગોઠવણી કયા પ્રકારે હોય છે ?

(A) સેન્ટ્રોમિયર રંગસૂત્રની મધ્યમાં આવેલ છે.

(B) સેન્ટ્રોમિયર રંગસૂત્રના અંતભાગ નજીક હોય છે.

(C) સેન્ટ્રોમિયર રંગસૂત્રની મધ્યમાંથી સહેજ દૂર આવેલ હોય છે.

(D) સેન્ટ્રોમિયર રંગસૂત્રના છેડે આવેલ હોય છે.

(128) હરિતકણની સંખ્યા કલેમિડોમોનાસ અને મધ્યપર્ણમાં દરેક કોષમાં કેટલા હોય છે ?

(A) કલેમિડોમોનાસ-1 મધ્યપર્ણ કોષ – 20 થી 30

(B) કલેમિડોમોનાસ-2 મધ્યપર્ણ કોષ – 1 થી 2

(C) કલેમિડોમોનાસ-1 મધ્યપર્ણ કોષ – 10 થી 20

(D) કલેમિડોમોનાસ-1 મધ્યપર્ણ કોષ – 20 થી 40

(129) અર્ધીકરણ દરમ્યાન પૂર્વાવસ્થા – I ની પાંચ ઉપઅવસ્થાઓને ક્રમ પસંદ કરો.

(A) લેપ્ટોટીન → ઝાયગોટીન → ડિપ્લોટીન → પેકિટીન → ડાયકાઈનેસીસ

(B) ઝાયગોટીન → લેપ્ટોટીન → ડિપ્લોટીન → પેકિટીન → ડાયકાઈનેસીસ

(C) લેપ્ટોટીન → ઝાયગોટીન → પેકિટીન → ડાયકાઈનેસીસ → ડિપ્લોટીન

(D) લેપ્ટોટીન → ઝાયગોટીન → પેકિટીન → ડિપ્લોટીન → ડાયકાઈનેસીસ

(130) સોડિયમ (NA)નું ભૂ-45 અને માનવશરીરમાં _____ % વજન આવેલ છે.

(A) ભૂ-45 – 2.8 માનવશરીર - 0.2

(B) ભૂ-45 – 0.2 માનવશરીર - 1.5

(C) ભૂ-45 – 0.03 માનવશરીર - 18.5

(D) ભૂ-45 – 2.1 માનવશરીર - 0.1

(131) કેલ્વિનચક્ર દ્વારા ગ્લુકોઝના પાંચ અણુના નિર્માણ માટે કેટલા પ્રક્રિયક જરૂરી છે?

(A) $12CO_2$, 18 ATP, 36 NADPH

(B) 30 $CO_2$, 90ATP, 60 NADPH

(C) $18CO_2$, 54 ATP, 36 NADPH

(D) 18 $CO_2$, 90ATP, 60 NADPH

(132) ગ્લાયકોલીસીસના તબક્કાઓમાં X, Y, Z સ્થાન ઓળખો.

ગ્લિસરાલ્ડિહાઈડ ⇌ ડાયહાઈડ્રોક્સી એસિટોન ફોસ્ફરેટ

3 – ફોસ્ફેટ

↓

X

↓

3 – ફોસ્ફોગ્લિસરિક એસિડ

↓

Y

→ Z પાયરૂવિક એસિડ

(A) X - I-3 બાય ફોસ્ફોગ્લિસરિક એસિડ
Y – ફોસ્ફોગ્લિસરિક પાયરૂવેટ
Z - 3 ફોસ્ફોગ્લિસરિક એસિડ

(B) X - I, 3 બાય ફોસ્ફોગ્લિસરીક એસિડ
Y – ફોસ્ફોઈનિલ પાયરૂવેટ
Z - ફ્રુક્ટોઝ I – 6 બાય ફોસ્ફેટ

(C) X - 1, 3 બાયફોસ્ફોગ્લિસરિક એસિડ
Y – 2 – ફોસ્ફોગ્લિસરેટ
Z - ફોસ્ફોએનોલ પાયરૂવેટ

(D) X – ગ્લુકોઝ – 6 ફોસ્ફેટ
Y – ફોસ્ફોઈનોલ પાયરૂવેટ
Z – 2 – ફોસ્ફોગ્લિસરેટ

(133) ઑક્સિહિમોગ્લિબિનમાંથી ઑક્સિજનના વિયોજન માટે સાનુકૂળ પરિબળો પસંદ કરો.

(A) પેશીમાં નીચું $O_2$,ઊંચું $PCO_2$ ઊંચી $H^+$ ની સાંદ્રતા, ઊંચા તાપમાન

(B) પેશીમાં ઊંચું $O_2$, નીચું ઊંચું $PO_2$, નીચી $H^+$ ની સાંદ્રતા, નીચું તાપમાન

(C) પેશીમાં ઊંચું $O_2$, નીચું ઊંચું $PO_2$, નીચી $H^+$ ની સાંદ્રતા, નીચું તાપમાન

(D) $CO_2$, $H^+$, તાપમાનની સાંદ્રતા, અસરકર્તા પરિબળ નથી

(134) એરિથ્રોબ્લાસ્ટોસિસ ગર્ભની સ્થિતિમાં બાળકમાં કયા રોગના લક્ષણો જોવા મળી શકે છે ?

(A) ગંભીર એનિમિયા અને રક્તપિત્ત (B) ન્યુમોનિયા અને એમ્ફિસેમા

(C) ગંભીર એનિમિયા અને પીળીયા (કમળા) (D) ટાઈફોઈડ અને રક્તપિત્ત

(135) મનુષ્યના હૃદયનું સ્ટ્રોક વોલ્યુમ (સ્પંદન કદ) કેટલું હોય છે ?

(A) 50 ml (B) 70 ml (C) 80 ml (D) 90 ml

(136) યોગ્ય જોડકાં ગોઠવો.

| | કોલમ I | | કોલમ II |
|---|---|---|---|
| I | યુરિયોટોલિક | W | જલીય કીટકો જલીય ઊભયજીવી |
| II | એમિનોટોલિક | X | સ્થલીય ઊભયજીવી દરિયાઈ મત્સ્ય |
| II | યુરિકોટેલિક | Y | સરીસૃપ જમીનની ગોકળગાય |
| | | Z | સ્થલીય ઊભયજીવીમ સરીસૃપ |

(A) I – X, II – W, III – Y (B) I – X, II – W, III – Z

(C) I – W, II – Y III – X (D) I – Y, II – W, III – X

(137) એટ્રિયલ નેટ્રિયુરેટિક કારક (ANF) નું કાર્ય પસંદ કરો.

(A) રુધિરવાહિનીનું સંકોચન પ્રેરે અને રુધિરદબાણ વધારે

(B) રુધિરદબાણ વધારે અને પાણીનું પુનઃશોષણ વધારે

(C) રુધિરવાહિનીનું વિસ્તરણ પ્રેરે અને રુધિરદબાણ ઘટાડે

(D) રુધિરદબાણ વધારે અને પાણીનું પુનઃશોષણ ઘટાડે

(138) પરસેવો ________ ગ્રંથિઓ દ્વારા ઉત્પન્ન થાય છે. જેમાં મુખ્યત્વે ________ ધરાવતું જલીય પ્રવાહી છે.

(A) I – પ્રસ્વેદ ગ્રંથિ
II – NaCl, યુરિયા, સ્ટેરોલ

(B) I – સ્નિગ્ધ ગ્રંથિ
II – NaCl, સ્ટેરોલ, યુરિયા

(C) I – પ્રસ્વેદ ગ્રંથિ
II – NaCl, હાઈડ્રોકાર્બન, મીણ

(D) I – પ્રસ્વેદ ગ્રંથિ
II – NaCl,ઓછી માત્રામાં યુરિયા, લેક્ટિક એસિડ

(139) દેહજલમાં $CA^{+2}$ નું ઓછું પ્રમાણ થવાને કારણે ઝડપી આપોઆપ સ્નાયુઓનું સંકોચન થાય છે. જે ____ અનિયમિતતા છે.

(A) ગાઉટ (B) આર્થરાઈટીસ (C) ટીટેની (D) મસ્ક્યૂલર ડિસ્ટ્રોફી

(140) સજીવનાં સામાન્ય નામ અને ગોત્ર દર્શાવેલ છે. તેમાંથી અસંગત જોડ કઈ છે ?

(A) આંબો – સેપિન્ડેલ્સ (B) ઘરમાખી – ડિપ્ટેરા

(C) વંદો – એન્યુરા (D) ઘઊં – પોએલ્સ

(141) નીચેના પૈકી કયુ વિધાન સાચું નથી ?

(A) ડબલ્યુ. એમ. સ્ટેનલીએ દર્શાવ્યું કે, વાઈરસને સ્ફટિકમય બનાવી શકાય છે.

(B) એમ. ડબલ્યુ. બેઈજેરિનેક એ ચેપકારક જીવંત રસાયણ (contagium vivum fluidum) શબ્દ પ્રયોજ્યો.

(C) ટી. ઓ. ડાયનર એ વિરોઈડ્સની શોધ કરી.

(D) બટાટામાં ત્રાકમય ગ્રંથિલનો રોગ પ્રાયોંસને કારણે થાય છે.

(142) નીચેનામાંથી ફુગનો વર્ગ અને તેનું ઉદાહરણ દર્શાવતી સાચી જોડ કઈ છે ?

(A) ફાયકોમાયસેટીસ – યુસ્ટીલાગો (B) ડ્યુટરોમાયસેટીસ – કોલીટોટ્રાઈકમ

(C) બેસિડીયોમાયસેટીસ – એસ્પરજીલસ (D) આસ્કોમાયસેટીસ – આલ્બ્યુગો

(143) નીચેનામાંથી કઈ એક અળસિયાની લાક્ષણિકતા નથી ?

(A) સમખંડો (B) ત્રિગર્ભસ્તરીય આયોજન

(C) વક્ષ ચેતારજ્જુ (D) કુટદેહકોષ્ઠ

(144) અસમમિતિય પુષ્પનું ઉદાહરણ કયુ છે ?

(A) મરચાં (B) ગુલમહોર (C) વટાણાં (D) કેના

(145) ડ્યુટેરોમાયસેટીસનું ઉદાહરણ શોધો

(A) એગેરીક્સ (B) પકિસનિયા (C) એસ્પરજીલસ (D) ટ્રાઈકોડર્મા

(146) નીચે પૈકી કયુ બહુસ્ત્રીકેસરી મુક્ત સ્ત્રીકેસર ધરાવતા પુષ્પનું ઉદાહરણ છે ?

(A) જાસુદ (B) ચંપો (માઈકેલિયા)

(C) અફીણ (પાયાવર) (D) ટામેટાં

(147) નીચે પૈકી કઈ એકસદની વનસ્પતિ છે ?

(A) પપૈયાં (B) દિવેલા (C) બારમાસી (D) રાઈ

(148) નીચેનામાંથી કઈ વનસ્પતિમાં પાણી દ્વારા પરાગનયન થાય છે ?

(A) જળકુંભી (B) હાઈડ્રિલા (C) જલિય લીલી (D) કમળ

(149) ગર્ભાવસ્થાનાં પ્રથમ ત્રણ મહિનાના અંતે વિકસિત ગર્ભમાં કયું લક્ષણ જોવા મળશે ?

(A) મોટાભાગના મુખ્ય અંગતંત્રો નિર્માણ પામે છે. (B) માથા ઉપર વાળ જોવા મળે છે.

(C) શરીર સુક્ષ્મવાલથી ઘેરાય છે. (D) ગર્ભનું પ્રથમ હલનચલન જોવા મળે છે.

(150) નરમાં પ્રજનન સહાયક નલિકાઓમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) અધિવૃષણ નલિકા (B) શુક્રવાહિનીઓ

(C) વૃષણજાળ (D) શુક્રોત્પાદક નલિકાઓ

(151) માદા કબૂતરમાં લિંગી રંગસૂત્રોને ______ વડે દર્શાવાય છે ?

(A) ZW (B) ZZ (A) XY (D) XX

(152) કોષવિભાજનની અત્યાંવસ્થા પછી કોષરસ વિભાજન ન થવાના કારણે સજીવોમાં રંગસૂત્રોનું આખું જૂથ વધી જાય છે. તેને ________ કહે છે.

(A) એન્યુપ્લોઇડી (B) પોલીપ્લોઇડી

(C) મોનોસોની (C) નલીસોની

(153) જો કોઇ પુરુષનો કેર્યોટાઇપ 47, XXY હોય તો તે વ્યક્તિમાં કઈ રંગસૂત્રીય અનિયમિતતા હશે ?

(A) ફિલાડેલ્ફિયા સિન્ડ્રોમ (B) ડાઉન્સ સિન્ડ્રોમ

(C) ક્લાઇન ફેલ્ટર્સ સિન્ડ્રોમ (D) ટર્નર્સ સિન્ડ્રોમ

(154) જો બેવડી શ્રૃંખલામય DNA માં 20% સાયટોસીન હોય તો તે DNA માં રહેલા એડેનીનની ટકાવારીએ જણાવો.

(A) 20% (B) 40%

(C) 80% (D) 30%

(155) 40 થાયસીન ધરાવતાં 100 નાઇટ્રોજન બેઇઝ જોડ ધરાવતાં DNA નાઇટ્રોજન બેઇઝ વચ્ચે કુલ કેટલા હાઇડ્રોજન બંધ મળે છે ?

(A) 260 (B) 100 (C) 140 (D) 80

(156) યોગ્ય જોડકાં ગોઠવો.

| | કોલમ I | | કોલમ II |
|---|---|---|---|
| 1. | જનીન i | p. | નિગ્રાહક પ્રોટીન |
| 2. | જનીન z | q. | પર્મિએઝ |
| 3. | જનીન y | r. | ટ્રાન્સ એસીટાઇલેઝ |
| 4. | જનીન z | s. | β ગેલેક્ટોસાઇડેઝ |

(A) 1 – p, 2 – s, 3 – q, 4 – r (B) 1 – s, 2 – p, 3 – q, 4 – r

(C) 1 – p, 2 – s, 3 – r, 4 – q (D) 1 – q, 2 – r, 3 – p, 4 – s

(157) મિલરના પ્રયોગના% બંધ ફ્લાસ્કમાં કયો વાયુ લેવામાં ન આવ્યો હતો ?

(A) $CH_4$ (B) $CO_2$ (C) $NH_3$ (D) $H_2$

(158) એમેઝોનનાં જંગલમાં 1000 સજીવોમાંથી 400 સજીવો પ્રચ્છન્ન છે તો વિષમયુગ્મી સંતતિની ટકાવારી હાર્ડી-વિનબર્ગ સિદ્ધાંતના આધારે કેટલી હશે ?

(A) 16% (B) 36 % (C) 24% (D) 48%

(159) યોગ્ય જોડકાં ગોઠવો.

| કોલમ I | | કોલમ II |
|---|---|---|
| 1. હોમોહેબિલિસ | p. | 1400 cc |
| 2. હોમોઈરેક્ટસ | q. | 650-800 cc |
| 3. નિએન્ડરથલ | r. | 900 cc |


(A) 1 – q , 2 – p, 3 – r
(B) 1 – r , 2 – p, 3 – q
(C) 1 – q , 2 – r, 3 – p
(D) 1 – r , 2 – q, 3 – p

(160) જો મનનને સતત 39°c થી 40°c તાવ, નબળાઈ, પેટમાં દુઃખાવો, ભૂખ ન લાગવી જેવા લક્ષણો હોય તો તે કયા રોગથી પીડાય છે ?

(A) શરદી
(B) ન્યુમોનિયા
(C) ટાઈફોઈડ
(D) મલેરીયા

(161) માતાના સ્તનમાંથી સ્રવતું પીળાશ પડતું પ્રવાહી કોલોસ્ટ્રોમમાં કયા એન્ટીબોડી હોય છે ?

(A) Ig A
(B) Ig G
(C) Ig E
(D) Ig M

(162) 


આપેલ આકૃતિ રાસાયણિક બંધારણ કયા અણુનું છે ?

(A) મોરફીન
(B) ભાંગ
(C) ઓપીયમ
(D) કેનાબિનોઈડ

(163) જો અશોકભાઈની રુધિરવાહિનીઓમાં રુધિર જામેલ છે તો clot buster તરીકે કોનો ઉપયોગ કરવો જોઈએ?

(A) સ્ટ્રેપ્ટોકાઈનેઝ
(B) પેક્ટિનેઝ
(C) સ્ટેટિન્સ
(D) પ્રોટીએઝ

(164) નીચેનામાંથી કયા પાણીમાં BOD નું મૂલ્ય વધુ જોવા મળે છે ?

(A) R.O.Water
(B) નળનું પાણી
(C) ગટરનું પાણી
(D) સાબુનું પાણી

(165) વિદેશી DNA ની જોડવા માટે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાઈ રહેલા રિસ્ટ્રિક્શન ઉત્સેચકો કયા હશે, જેથી વિદેશી DNA ને $tet^R$ જનીનમાં દાખલ કરી શકાય?

(A) BamH I અને sai I
(B) PVU – I અને PST - I
(C) EcoR I અને cla – I
(D) cla – I અને Hind III

(166) પોલિમરેઝ ચેઈન રિએકશનનાં તબક્કા ક્રમાનુસાર ગોઠવો.

(A) વિસ્તૃતિકરણ → તાપમાનનું શિતન → વિનૈસર્ગીકરણ
(B) વિનૈસર્ગીકરણ → તાપમાનનું શિતન → વિસ્તૃતિકરણ
(C) વિનૈસર્ગીકરણ → તાપમાનનું શિતન → વિનૈસર્ગીકરણ
(D) વિનૈસર્ગીકરણં → વિસ્તૃતિકરણ → તાપમાનનું શિતન

(167) કપાસના બોલવૉર્મ્સને નિયંત્રિત કરતું પ્રોટીન કયા જનીન વડે સાંકેતન પામેલ છે ?

(A) Cry I AB અને Cry II Ab
(B) Cry I AC અને Cry I Ab
(C) Cry I AC અને Cry II Ab
(D) Cry I Ab અને Cry II Ab

(168) GEAC નું પૂર્ણ નામ પસંદ કરો.

(A) GENOME ENGINEERING APPROVAL COMPLEX
(B) GENETIC ENVIRONMENT AGRICULTURE COMMITTEE
(C) GENETIC ENGINEERING APPROVAL COMMITTEE
(D) GENETIC ENGINEERING APPROVAL CODE

(169) 1981 માં ભારતમાં માનવવસ્તી માટે "r" નું મૂલ્ય શું હતું અને નોર્વેના ઊંદરો માટે "r" નું મૂલ્ય શું હતું ?

(A) માનવવસ્તી = 0.0205, ઊંદર = 0.12
(B) માનવવસ્તી = 0.0205, ઊંદર = 0.015
(C) માનવસ્તી = 0.12, ઊંદર = 0.0205
(D) માનવવસ્તી = 0.205, ઊંદર = 0.15

(170) વનસ્પતિ ''આકડા'' અતિઝેરી હૃદયને ઉત્તેજિત કરતું _______ રસાયણ હાજર હોય છે.

(A) ગ્લાયકોસાઈડ (B) ક્વિનાઈન (C) નિકોટીન (D) ઑપિયમ

(171) માઈકોરાઈઝાઃ ગ્લોમાસફૂગ   નાઈટ્રોજનનું સ્થાપન કરતા મુક્તજીવી બેક્ટેરિયા : _______ (જોડ પૂર્ણ કરો)

(A) રાઈઝોબિયમ (B) એઝેટોબેક્ટર (C) સ્યુડોમોનાસ (D) થીઓબેસિલસ

(172) યજમાનકોષમાંથી વિદેશી DNA ને પ્રવેશ કરાવવાની પદ્ધતિ જે વનસ્પતિ માટે અનુકૂળ છે તે _______ છે.

(A) $Ca^{+2}$ ની સારવાર (B) સુક્ષ્મ અંતઃ ક્ષેપણ (C) જૈવ પ્રાક્ષેપિકી (D) કોષસંક્રમણ

(173) "AB" રૂધિરજૂથવાળી વ્યક્તિને ''સર્વગ્રાહી'' તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે ...

(A) રૂધિરરસમાં એન્ટીબોડીઝ એન્ટીજન A અને એન્ટીજન B ગેરહાજર હોય છે.
(B) RBCs ની સપાટી પર એન્ટીજન A અને એન્ટીજન B ગેરહાજર હોય છે.
(C) રૂધિરરસમાં એન્ટીબોડીઝ એન્ટી A અને એન્ટી B હાજર હોય છે.
(D) RBCs ની સપાટી પર એન્ટીજન A અને એન્ટીજન B હાજર હોય છે.

(174) આપેલ વિધાનો આધારે કયો વનસ્પતિ વૃદ્ધિ નિયામક (PGR) છે તે શોધો.

(i) તે વાયુરંધ્રો ને બંધ કરવા પ્રેરિત કરે છે.
(ii) તે બીજનાં અંકુરણને અવરોધે છે.
(ii) તે એક પ્રકારનો "Stress Hormone" છે.
(iv) તે વનસ્પતિ ચયાપચયને અવરોધે છે.

(A) એબ્સિસિક એસિડ
(B) સાયટોકાઈનિન્સ
(C) જીબરેલિક એસિડ
(D) એન્ડોલ બ્યુટેરિક એસિડ

(175) વનસ્પતિમાં કાર્યસદ્રશ્યઅંગ માટે નીચેના પૈકી કઈ જોડ સાચી છે ?

(A) દ્રાક્ષનાં સૂત્રો અને કરમદીનાં કંટકો
(B) ગાજરનાં રૂપાંતરીત મૂળ અને આદુની ગાંઠમૂળ
(C) દાડમના કંટક અને કૃષ્ણકમળના સૂત્રો
(D) બલૂનવાઇનના સૂત્રો અને રામબાણબી કલિકાઓ

(176) નીચેનામાંથી કયો એક 'સ્વસ્થાન સંરક્ષણ' માટેનો અભિગમ નથી ?

(A). જૈવાવરણ આરક્ષિત વિસ્તારો
(B) પવિત્ર ઉપવનો
(C) વનસ્પતિ ઉદ્યાનો
(D) રાષ્ટ્રીય ઉદ્યાનો

(177) જાતિ –વિસ્તાર સંબંધોની સમજૂતિ કયા વૈજ્ઞાનિકે આપી ?

(A) પોલ એહરલિક
(B) એડવર્ડ વિલ્સન
(C) રોબર્ટ મે
(D) એલેક્ઝાંડર વોન હમ્બોલ્ટ

(178) વર્ષ 2002 માં 'ટકાઉ વિકાસ' પર વિશ્વ પરિષદ કયા યોજવામાં આવે ?

(A) મોરેશિયસ (B) રિયો ડી જાનેરો (C) જોહાનિસબર્ગ (D) જિનિવા

(179) પારજનીનિક પ્રાણીઓ દ્વારા નિર્મિત કઈ જૈવિક નિપજનો ઉપયોગ એમ્ફિસેમાની સારવાર માટે કરવામાં આવે છે ?

(A) ∝ - ઇન્ટરફેરોન્સ
(B) ∝ - I એન્ટિટ્રિપ્સિન
(C) ∝ - લેકટાલ્બ્યુમિન
(D) ß – ગેલેક્ટોસાઈડેઝ

(180) કયુ Bt વિષકારક જનીન કોર્ન બોરરને નિયંત્રિત કરે છે?

(A) Cry I AB (B) Cry II AB (C) Cry I Ac (D) Cry II Ac

(181) બાહ્ય જીવનના વાસ્તવિક અનુભવો અધ્યેતાને સીધી સીધા આપવાની યોજના એટલે ...

(A) પુસ્તકાલય (B) પર્યટન (C) સંગીત સંધ્યા (D) ટેલિવિઝન

(182) પ્રશ્ન પ્રવાહિતાના કૌશલ્યમાં કયા ઘટકોનો સમાવેશ થતો નથી ?

(A) પ્રશ્નનું બંધારણ (B) પ્રશ્ન પૂછવાની ક્રિયા (C) પ્રશ્નનું સ્પષ્ટીકરણ (D) પ્રશ્નનું ઉત્પાદન

(183) બ્લૂમ ટેકસોનોમી જ્ઞાનક્ષેત્રમાં કેટલા સ્તરો છે ?

(A) 5 (B) 4 (C) 6 (D) 7

(184) સ્વાધ્યાય પદ્ધતિનો ફાયદો કયો છે ?

(A) અભ્યાસક્રમના વિસ્તૃત મુદ્દાને એકસાથે આવરી શકાય.
(B) અધ્યાપક અને અધ્યેતા બંને પુષ્કળ તૈયારી કરી શકે છે.
(C) સ્વાધ્યાયથી પુસ્તકિયામાં જ પરોવાયેલા રહેવાય.
(D) પ્રયોગ સરળતાથી સમજી શકાય છે.

(185) શૈક્ષણિક લાયકાત ઉપરાંત જીવવિજ્ઞાન શિક્ષકમાં કયા પ્રકારના અન્ય કૌશલ્યો હોવા જોઈએ?

(A) સ્નાતકની ઉપાધિ
(B) અનુસ્નાતકની ઉપાધિ
(C) સંશોધનવૃત્તિ અને સર્જનાત્મકતા
(D) સ્નાતક અને અનુસ્નાતકની ઉપાધિ

(186) માઈક્રોટીચિંગ એ રૂઢિગત શિક્ષણ પ્રણાલીમાં પ્રવેશતા પહેલાં શિક્ષક તેના વર્ગવ્યવહારનાં કૌશલ્યોમાં પ્રાવિણ્ય મેળવવામાં સહાય કરનાર કાર્યક્રમ છે. – તેવું કોણે જણાવ્યું ?

(A) એલન અને રાયને (B) પાસી અને શાહ (C) મેકોલમ અને લોડ (D) પેક અને ટ્કર

(187) જીવવિજ્ઞાન વિષયમાં 3 થી 8 તાસ સુધીનું આયોજન કરવામાં આવે તો તેને કયા પ્રકારનું આયોજન કહેવાય છે?

(A) માઈક્રોપાઠ (B) સિમ્યુલેશન (C) પાઠ આયોજન (D) એકમ આયોજન

(188) નીચે પૈકી આપેલ લાક્ષણિકતા પૈકી 'એકમ આયોજન' ની લાક્ષણિકતા પસંદ કરો.

(A) 30 થી 40 મિનિટનું આયોજન કરવામાં આવે છે. (B) એકસૂત્રતાનો અભાવ વર્તાય છે.

(C) ખંડિત અને આંશિક મૂલ્યાંકન થાય છે. (D) સંપૂર્ણ અને સર્વાંગી મૂલ્યાંકન થઈ શકે છે.

(189) નીચે આપેલ અધ્યાપન પદ્ધતિઓમાંથી કઈ પદ્ધતિમાં અધ્યાપકનું કાર્ય જ મહત્વ ધરાવે છે જેમાં અધ્યાપક વધુ સક્રિય હોય છે?

(A) અધ્યાપક-અધ્યેતાકેન્દ્રી પદ્ધતિ (B) અધ્યેતા કેન્દ્રી પદ્ધતિ

(C) અધ્યાપન કેન્દ્રી પદ્ધતિ (D) કથન-ચર્ચા પદ્ધતિ

(190) વિદ્યાર્થી પોતાને પ્રાપ્ત અનુભવોમાંથી કેવી રીતે જ્ઞાનની રચના કરે છે તે સમજાવતો અભિગમ પસંદ કરો.

(A) આગમન અભિગમ (B) સમસ્યાઉકેલ અભિગમ

(C) આગમન-નિગમન અભિગમ (D) સંરચનાવાદી અભિગમ

(191) જીવવિજ્ઞાન વિષય શિક્ષક તરીકે જુદા જુદા તંત્રો ઉદાહરણ તરીકે શ્વસન તંત્ર, પાચનતંત્ર, ઉત્સર્જન તંત્ર, કંકાલતંત્ર સમજાવીને પછી સમગ્ર શરીર રચનાની સમજ આપે છો તો આ કયા પ્રકારના અધ્યાપન સૂત્રમાં સમાવેશ થશે ?

(A) વિભાગ પરથી સંપૂર્ણ તરફ (B) મૂર્ત પરથી અમૂર્ત તરફ

(C) જ્ઞાતથી અજ્ઞાત તરફ (D) વિશ્લેષણથી સંયોજન તરફ

(192) જીવવિજ્ઞાન પ્રયોગશાળામાં ઉપયોગમાં લેવાતા સાધનોની નોંધ માટે કયુ રજિસ્ટર શિક્ષક દ્વારા નિભાવવામાં આવે છે.

(A) Journal રજિસ્ટર (B) Hand Book રજિસ્ટર

(C) આવક-જાવક રજિસ્ટર (D) Dead stock રજિસ્ટર

(193) કોષ અને કોષરસના એકમ માટે જે વિદ્યાર્થીઓ પ્રાણીકોષની સ્લાઈડ બનાવતાં શીખે તો કયો વિશિષ્ટ હેતુની રચના સિદ્ધ થઈ કહેવાય ?

(A) જ્ઞાન મેળવે (B) જ્ઞાનની સમજ કેળવે

(C) મેળવેલ જ્ઞાનનો નવીન પરિસ્થિતિમાં ઉપયોગ કરે (D) કૌશલ્ય વિકસે

(194) જીવવિજ્ઞાનમાં જૈવવિવિધતાનો પ્રત્યક્ષ ખ્યાલ જો અધ્યેતાને આપવો હોય તો આપેલ પૈકી કયા સ્થળની મુલાકાત જીવવિજ્ઞાનના શિક્ષક દ્વારા કરાવવી જોઈએ ?

(A) હવામાન કેન્દ્ર (B) વીજળી ઉત્પાદન કેન્દ્ર

(C) રાષ્ટ્રીય ઉદ્યાન કે અભ્યારણ્ય (D) અવકાશી સંશોધન કેન્દ્ર

(195) જીવવિજ્ઞાન પદ્ધતિમાં કૌશલ્ય તાલીમ હસ્તગત કરવા તમે કોઈ નિશ્ચિત વિષયવસ્તુ પર સૂક્ષ્માધ્યાપન (માઈક્રોટીચિંગ) કાર્ય કરો છો – તો આપેલા વિકલ્પમાંથી કયો વિકલ્પ તેના સાચા ક્રમ દર્શાવે છે ?

(A) શિક્ષણ → પુનઃઆયોજન → પુનઃશિક્ષણ → પ્રતિપોષણ → પુનઃપ્રતિપોષણ

(B) શિક્ષણ → પ્રતિપોષણ → પુનઃઆયોજન → પુનઃશિક્ષણ → પુનઃપ્રતિપોષણ

(C) પ્રતિપોષણ → પુનઃઆયોજન → પુનઃશિક્ષણ → શિક્ષણ → પુનઃપ્રતિપોષણ

(D) શિક્ષણ → પુનઃપ્રતિપોષણ → પુનઃઆયોજન → પુનઃશિક્ષણ → પ્રતિપોષણ

(196) નીચેના આપેલા વિધાનો પૈકી કયા વિધાનો કા.પા. કાર્ય કરતી વખતે ધ્યાન રાખવા બાબત સાચા છે. (સાચા વિધાનો શોધો)

વિધાનઃ i લખતી વખતે ચોકનો અવાજ થવો જોઈએ.

વિધાનઃ ii આકૃતિ કલાત્મક – આકર્ષક દોરવી.

વિધાનઃ iii લખાણ ભૂંસવા નીચેથી ઉપર બાજુ ડસ્ટર ફેરવવું.

વિધાનઃ iv જરૂરી રંગીન ચોક કે રંગીન માર્કરનો ઉપયોગ કરવો.

(A) વિધાન (i) અને (ii) સાચા છે.

(B) વિધાન (ii) અને (iii) સાચા છે.

(C) વિધાન (i) અને (iv) સાચા છે.

(D) વિધાન (ii) અને (iv) સાચા છે.

(197) બ્લૂમ અને કેથવેલે આપેલા શૈક્ષણિક હેતુઓના સંદર્ભમાં વર્તનક્ષેત્રોમાં સમાવિષ્ટ જ્ઞાનાત્મકક્ષેત્ર માટેના હેતુઓ માટે યોગ્ય વિકલ્પ શોધો.

(A) જ્ઞાન, સમજ, ઉપયોગ

(B) રસ, વલણ, કદર

(C) ક્રિયા, કાર્ય, કૌશલ્ય

(D) જ્ઞાન, રસ, ક્રિયા

(198) જીવવિજ્ઞાન વિષયવસ્તુ આધારિત પદ્ધતિમાં કંકાલતંત્ર પાઠમાં અગ્રઉપાંગના અભ્યાસ દરમ્યાન તાસમાં શિક્ષક દ્વારા કૌશલ્ય વિકાસ માટે નીચેના પૈકી કયો વિશિષ્ટ હેતુ રચી શકાય ?

(A) વિદ્યાર્થીઓ અગ્રઉપાંગ અંગેનું વર્ણન કરી શકે.

(B) વિદ્યાર્થીઓ અગ્રઉપાંગ અંગેની વિસ્તૃત માહિતી આપી શકે.

(C) વિદ્યાર્થીઓ અગ્રઉપાંગની આકૃતિ દોરતા શીખે.

(D) વિદ્યાર્થી અગ્રઉપાંગનું વિશેષ જાણકારી મેળવે.

(199) ટ્રાયકાબોક્સિલિક એસિડ ચક્ર (TCA) સમજાવતી વખતે અહીં વિજ્ઞાનની કઈ બે શાખાઓનો અનુબંધ જોવા મળે છે ?

(A) જીવવિજ્ઞાન અને ભૌતિકશાસ્ત્ર

(B) પ્રાણીશાસ્ત્ર અને ખગોળશાસ્ત્ર

(C) જીવવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન

(D) વનસ્પતિશાસ્ત્ર અને કલનશાસ્ત્ર

(200) એકમ કસોટીની રચના માટે ત્રિપરિમાણસર્શી સારણી (BluePrint) ની રચના શાના આધારે કરવામાં આવે છે ?

(A) વિષયવસ્તુના મુદ્દાને આધારે ગુણભાર નક્કી કરવો.

(B) હેતુઓ આધારિત ગુણભાર નક્કી કરવો.

(C) પ્રશ્નના પ્રકારને આધારે ગુણભાર નક્કી કરવો.

(D) ઉપરોક્ત ત્રણેય બાબતોને ધ્યાનમાં લઈને ત્રિપરિમાદર્શી સારણી તૈયાર કરવી.

◆◆◆